—બનામે ખુદા—

પારસી હાઉસીંગ ફન્ડના લાભ માટે.

# પારસી હરીશચંદર

અને

## ઈમાનદારી ઉપર સિતમગારી.


નાટક લખનાર—ડૉ૦ જેહાંગીર વાડિયા,
L. M. & S.

ગાયનો જોડનાર—મી૦ પેસી પી. કાપડીઆ,
B. A. B. E., (Civil)
["ઉર્ફે હયરત."]


(મરહુમ ડા૦ અરદેશરશાહ કુપરના વારસોની મહેરબાનીભરી પરવાનગીથી.)

૧૯૨૬.


કાતરક હોશીયારી વર્કસ
વાડીઆજીના આતશ બહેરામના કમ્પાઉન્ડમાં, ધોબી તળાવ, મુંબઈ

# દીબાચો.

—:૦:—

સુકર તે યઝદાનનાં કે "પારસી હાઉસીંગ ફંડ" જેવાં એક પુન્યવંતા કામના લાભ અર્થે લોકોનો માનીતો ખેલ "પારસી હરીશચંદર" દશમી વખત ભજવી બતાવવા હમે મેડીકલ એમેચ્યુઅર્સો બહાર પડીએ છીએ. નાટકતખતા પર આ અમારો સતરમો દેખાવ છે, અને છેલ્લાં બાર વરસમાં સતરે સતર ખેલો પારસી ચેરીટીઓ માટે ભજવી બતાવવાનો "રેકૉર્ડ" માટે હમો મેડીકલવાલાઓ વાજબી રીતે મગરૂર છીએ. ગરીબ અને મધ્યમ વરગના પારસીઓનો સસ્તાં ભાડાંનાં ઘરો માટેનો તવલાટ ઘણો અફસોસકારક છે, અને કોમની એવી એક તાકીદની હાજત માટેનાં એક ભલી ભલાઇનાં કામમાં અમો મેડીકલ એમેચ્યુઅર્સો અમારો અદના ફાલો આપી શકયે એ અમારી ખુશનસીબી છે.

આ ખેલ સરંજામ પાર ઉતારવા માટે મારી સાથ ખેલમાં ભાગ લેનારા અને પોતાનો અભ્યાસ અને પ્રેકટીસના કીમતી વખતનો ભોગ આપીને ઉલટ અને દીલસોજીથી મદદ આપનારા મારા ભાઇબંધ મેડીકલ સ્ટુડંટો અને મીત્રોનો અંતકરણનાં ઉંડાણથી આભાર માનું છું. "કોમ સેવા" એ અમો મેડીકલવાલાઓનો મગરૂર "Motto" છે અને ગરીબ હમદીનો પ્રત્યેની દાઝ હઇડે ધરીને કોમ સેવા બજાવવાની ઉલટ અને કાલજી ધ્યાનમાં રાખીને એ મારા કૉલેજ બીરાદરો મને બાર બાર વરસો થયાં જે કીંમતી મદદો ને સેવાઓ આપતા રહ્યા છે, તે માટે ઉપકાર માનવાના મારી પાસે પુરા શબ્દો નથી. મારી બાજુમાં ખડા રહી ધંધાની અગવડો ખમીને મને ચાલુ સંગીન મદદો આપનાર મારા મહેરબાન માયાલુ મીત્રો ડાકટરો જમશેદ માણેકશા, મીનું લંગડાના, ધનજીશા લવંગીઆ, અને અમારા માનીતા અને પોતાની સકસેસફુલ એકટીંગથી જાણીતા થયલા લેડી કેરેકટર ડા૦ જાલ પટેલનો ખાસ ઉપકાર માનું છું આ ખેલ ઉપલા ચેરીટીના લાભ અર્થે મફત ભજવી બતાવવાની પરવાનગી આપવા માટે અમે લોકો મરહુમ ડા૦ એરચશાહ કુપરના વારસોના આભારી છીએ. ખેલને લગતા ડ્રેસો અને સામાન વાપરવા આપવાની લાયકી માટે મી૦ હોમી માસ્તરનો, તેમજ ખેલનાં ગાયનો જોડનાર અને અમુને પ્રેકટીસ આપનાર અમારા ભલા દોસ્ત મી૦ પેસી કાપડયા ઉર્ફે "હયરત"ના આભારી છીએ. જાણીતી અને પ્રજા વરગમાં માનીતી થયલી "કાતરક

હોઝીયરી વર્કર્સ"ના માલેકો મી૦ અને મીસીસ કાત્રક પેલને લગતી ચીજો બાબા સુટ, તાજ, મેડલો વગેરે કીંમતી ચીજો, મુફત બનાવી આપવા માટે હમો એ અથોરનાન જોડાંનો ઘણો આભાર માનીએ છીયે ઉપલી ચીજો મજકુર કંપનીની ભરતકામની કારીગીરી અને હુનરમંદી બતાવી આપે છે. છેવટે તમો મહેરબાન બાનુઓ અને ગ્રહસ્થો જેઓ મેડીકલ એમેન્યુઅસોંને હમેશ ઉલટ અને ઉ-તેજન આપતાં રહો છો- તે માટે અમે લોકો તમારા અહેસાનમંદ છીએ. અમારો શુભ નેમોની તમો મેહરબાનો જે પીછાણ અને પ્રશંસા કરો છો એજ અમારી અદના મહેનતનો પુરતો બદલો છે.

લી૦ સેવક,

જાહાંગીર વાડયા.

મુંબઇ, તા૦ ૨૭-૨--૨૧.

---

બાનુઓ અને ગ્રહસ્થો,

આજના વીસમી સદીનાં રોલસ રોઇસ અને એરોપ્લેનના હુનરમંદીના જમાનામાં એકાદ અસલી જમાનાના બળદના ખટારામાં યા હાથનાં હલેસાં મારવાની બોટમાં મુસાફરી કરવી જેટલી અગવડ અને કંટાલાભરી લાગે છે તેટલીજ બલકે તેથી વધુ આજના વીજળીક સાયન્સના આગળ વધેલા જમાનામાં દર બબે અને ચાર ચાર મીનીટે હાથનાં ચાવી આપવાનાં ગ્રામોફોન અગવડ અને કંટાલાભરયાં લાગે છે

છેલામાં છેલા સુધારા વધારા સાથનાં ઓટોમેટીક સેલ્ફ સ્ટારટીંગ **પેટંટ મોતોફોન વીજળીક મોટરનાં પ્રાઈમાફોન્સ** તમારી ચાવી આપવાની કડાકુટ હંમેશની દુર કરે છે ફકત તેનું ઓટોમેટીક લીવર ફેરવવે વીજળીક મોટર ચાલુ અને બંધ થાય છે. પહેલેથી છેલે સુધી એક સરખી સરલ ચાલથી ચાલે છે અને અસલ ગાનારાઓનું સંગીત તથા મ્યુઝીક તેના અસલ રૂપમાં તમો આગલ આબાદ રજુ કરે છે. મનપસંદ ડીઝાઇનોનાં ઓક મેહોગની અને વોલનત પોલીસ્ડ, ટેબલ ગ્રાંડ અને કેબીનેટ ગ્રાંડ મોડલસો **કાલબાદેવી પર આવેલી બોમ્બે ફોનો જનરલ એજન્સીના** ફ્રસાદ શો રૂમમાં જોવાને ખુલા મુકયાં છે.

કીંમતમાં ચાવીવાલાં સારાં મેકરનાં ગ્રામોફોન્સ કરતાં સસ્તાં. એકવાર જોઇ જવાની ખાસ ભલામણ કરવામાં આવે છે.

# CHARACTERS.

## MALES.

| | |
|---|---|
| રાજા ઇંદર —બહેસ્તનો રાજા. | ડા. મેહ્લી વાડીયા. |
| વીશ્વામીત્ર—મંચુની કસોટી કરનાર રૂસી. | મી. મીનુ વેસુના. |
| નારદમુની—એક તુમરા અથરાઉ ફરેસ્તો. | મી. ડોસા દેસાઇ. |
| સુરદાં ફરોસ—મંચુનો વખાણનાર ફરેસ્તો. | ડા૦ જહાંગીર વાડ્યા |
| મંચુ કાવારાણા -સોલાપુરનો ઇમાનદાર પારસી બાદશાહ. | ડા૦ જહાંગીર વાડ્યા. |
| પ્રધાન ... ... .. ... | ડા૦ મેહ્લી વાડીઆ. |
| અદુ એસકી—વીશ્વામીત્રનો પ્રાઇવેટ સેક્રેટરી. | મી. સોલી કુપર. |
| જીજી—મંચુ કાવારાણાનો ગાદી વારસ શાહજાદો | મી. માણેક પારડીવાલા. |
| વાણ્યો / પારસી } મંચુ અને પરીનને ખરીદનારા | મી. ડોસા દેસાઇ / મી. હોસંગ માંડવીવાલા. |
| એડમીરલ વૉન ટરપીઝ—કયસર તરફથી મંચુ આગળ આવેલો એલચી. | ડા૦ મેહ્લી વાડીયા. |
| ઉસતાદજી— ... ... ... ... | મી. ફીરોઝ એનજીનીઅર. |

## FEMALES.

| | |
|---|---|
| પરીચહેર—મંચુની મોહરદાર. ... | ડા૦ જાલ પટેલ. |
| મીસ મૉડ એલન—મંચુની દરબારમાં આવેલી નાચનારી | મી. રાનજી. |
| આયા ... ... ... ... | મી૦ હોસંગ માંડવીવાલા. |

દરબારીઓ, ચોપદાર, વીગેરે, વીગેરે.

# ખેલનો ટુંક સાર.

## SCENE I.

રાજા ઈંદ્રની દરબારનો દેખાવ. ફરેસ્તાઓ વચ્ચે ફાની દુન્યામાં કોઈબી આદમી ઇમાનદાર હોઇ શકે યા નહી તે વીશે તકરાર. મુરદાં-ફરોસ સોલાપુરના સત્યવાદી પારસી બાદશાહ મંચુ કાવારાણાની નેકી ને ઇમાનદારીની તારીફ કરેચ. વીશ્વામીત્ર, મંચુ આફતોમાં પોતાનું ઇમાન સાચવી શકે તે માટે શક બતાવે છે. તકરાર થતાં રાજા ઈંદ્રની રજા લઇને વીશ્વામીત્ર મંચુની કસોટી કરવા પેલી દુન્યામાં જાય છે.

## SCENE II.

બાદશાહ મંચુ કાવારાણાની દરબાર. વીશ્વામીત્રે દરબારમા આવી મંચુ પાસે પોતાના પરમાર્થી ફંડમાં ભરવા હજાર ગીનીની મદદ માગે છે. પૈસાની મદદ કબુલ કરાવવા બાદ વીશ્વામીત્ર એક જાણીતી નાચનારીને મંચુની દરબારમાં મોકલી, તેની પાસ સાદીનો કોલ માગે છે. નાચનારીને કાઢી મુકવાથી વીશ્વામીત્ર પોતાનું અપમાન થયલું જાહેર કરે છે. તકરાર થતાં મંચુ વીશ્વામીત્રને રાજપાટ સોંપી જંગલમાં બૈરી છોકરાં સાથે ચાલી જાય છે.

## SCENE III.

પૈસાની ચાલુ ઉઘરાણીથી કંટાળી જઇને, તેમજ પોતાના ઇમાનપર મુસ્તાક રહીને, મંચુ બૈરીને અને બચ્ચાંને પ્રેસીડંટ મેસવેળને ઘેર વેચી નાંખે છે. ને પોતેબી વેચાઇને વાંદરા ક્રીમેટોરીયમમાં નોકરી રહે છે.

## SCENE IV.

બાબો જીજુ ગીત ગાઇને નાંચવા જતાં વીશ્વામીત્રે ફેંકેલી કેરાંની છાલ પરથી સરી પરીને ગુજરી જાય છે.

## SCENE V.

વાંદરા ક્રીમેટોરીયમમાં મંચુનો બળાપો. જુચાનું મુરદું લઇને પરીચેહેર ત્યાં આવી પુગે છે. મંચુ, બૈરી અને જુચાને પીછાણે છે. માય બાપનો જુચાને માટેનો જીગર તોર કકલાટ; મંચુ લાશને હંમેશની ફી વગર ક્રીમેટોરયમમાં દફનાવા ના પાડે છે. કયસરનાં દરયાઇ કાફલાનો વડો એડમીરલ વૉન ટરપીઝ જો મંચુ કયસરને ગાદીપર બેસાડવામાં મદદ કરે તો જીજુને જીવતો કરી આપવાની લાલચ બતાવે છે. મંચુ ધીક્કારથી એ માંગણી ના પારે છે, અને વૉન ટરપીઝને કાઢી મુકે છે. પરીચેહેર પર ચોરીનું ખોટું બોહતાન મુકાય છે, અને મંચુને હાથે તેને ગરદન મારવાનું ફરમાન બાહેર પડે છે. રાજા ઈંદ્ર મંચુને પરીચેહરને ગરદન મારતાં અટકાવે છે, જીજુને સજીવન કરે છે ને મંચુની ઇમાનદારીપર આફરીન કરી તેને બેહેસ્તમાં લઇ જાય છે.

---

**ફરેસ્તાઓ—** (૧)

જય જય કેવી આ અમર ઝીન્દગાની—
નહી ખટરાટ જ્યાં કાંઇ દુન્યાની—
વસીયે સહુ જ્ઞાની—આઝાદ ી—માની લઇએ અભીમાની—૦
જંઝાળ નજરની કાંઇ જણી—નહીં રાજ કરે કોઇ ધણિયાણી—
ગમતી ઝીન્દગાની—જાવેદાની—વસતી પચરંગ પરજાની—
કોલી, મુલ્તાની ને અડવાની—હીંદુ મુસલમાન ઇરાની—
હમ ડાહ્યા આગળ છે સહુ પા ગલ—ભેજે ભાગલ અજાની—
સાંજે નહીં કાંઇ નાંક—સુકાણી—વ્હીસકી—બ્રાંડી—નહીં લાલ પાણી—
તો પણ રહીયે સહુ મસ્તાની—ભર રર ભમ ભમ ભમ—૦
દાદારી દરબારનાં દાની સુખોનાં છીયે શહેલાણી—
પહેલાં ગમતને પીછાણી-ગાવામાં હમ્મેશ ગુલતાની—
તર રર રર રર તમ તમ—ભર રર રર રર ભમ ભમ—
ધર રર રર રર ધમ ધમ—૦

**ઉસ્તાદ—** (૨)

(પીલુ ગઝલ—રાહ).

શીકસ્તે દીલ તેરે કુચેમે આન બયઠે હય
કરાર નહી દીલકો, બેકરાર બયઠે હય—શીકસ્તે
ખુદાકે વાસ્તે પરદેશ નીકલ તું ભાગે
બહોત દીનોસે તેરે ઇન્તેઝાર બયઠે હય
ભરોસા નહી દુન્યામે કુચ ઝીંદગીકા
ફનાકી કીસ્તીમે લાખો સવાર બયઠે હય—શીકસ્તે

**વીશ્વામીત્ર—** (૩)

લેઉં ખુદાનું નામ, ને ફત્તેહ કરૂં મારૂં કામ,
ઉતારૂં સરનજામ, નહી તો ખાવું છે હરામ—લેઉં.
સચ્ચાઇના રાહ પરથી એને આંટી હું મારૂં,
ગુમાન એનું કારૂં, પીવરારૂં, એને દારૂ,
ઓરાઉં બહેસ્તનું બારૂં, પરવારૂં, પરવારૂં,
જાઉં બહેસ્તને મુકામ—લેઉં.

---

**જીજુ—** ( ૪ )

જોઈ લેવો યારો આયો હું તો રે છુટી જેલથી
નાચતો કુદતો ઉછળીને હું એવું પપાને બોલે
જીગરૂં મારો આયો દીકરો એમ કરી મમા બોલે—જોઈ
ગાંડો ઘેલો થઈ ભારતના ઘેરમાં ઘુસી જાઉં
આંખ મીચાવો પલમાં મરધાં બટકાં પીટ્ટી લાઉં—જોઈ
મરૂ હું આખા મોહલ્લાને, જો મને ન મારે કોઇ
મકદુર નહી કોઇ હાથ ઉંચકે, સાત પેઢી નાખું ધોઇ.—જોઈ

**દરબારીઓ—** (

પરવરદેગાર–ત્હારો આધાર–કુલ જગતનો પાલનહાર—
દાદાર–દાતાર–આલા સરદાર–જગત–જુગત સરજનાર–૦
રક કે રાયનો તું પાલનાર–ખીલે છે તુજથી જગ–ગુલજાર—
કુલ સંસારનો તું સણગાર—યા ખુદા–યા ખુદા—
આદમ જાત છે તું પર નિસાર–નિસાર–નિસાર–નિસાર–૦

**ઉસ્તાદ—** ( ૬ )

(ભીમપલાસી—રાહ).

ઇસ્કે સનમકો કયા કરૂં
દીલ મેરે માનતા નહી
ઇસ્કે સીવા મય કયા કરૂં
દીલ મેરે માનતા નહી—ઇસ્કે.
વો હમપે જફા કરે, મય ઉનપે વફા કરૂં
વો હમપે સીતમ કરે, મય ઉનકો સહા કરૂં—ઇસ્કે.

**પરીન—** ( ૭ )

પાન ખાઇ પીચકારી મારીરે—પાન
મારી મારી મારીરે—પાન ખાઇ પીચકારી મારીરે.
પાવલીરે ખરચીને પીટમાં બેઠા—પાધરીની માય મારી નાંખીરે—પાન.
ઇરાની લોહી તારૂં રસપર ચરયું—
અરે દુમ દબાવી નાઠો રે—પાન.

---

ચોપદાર ને મંચુ— ( ૮ )

બાદશાહ ઓ મારા, સાંભળી ઓ પ્યારા, કાન તું ધરી.
મડમની પોરી ગોરી ગોરી આવીને મળવા માંગેચ.
તારી મરજી હોય તો એને હાજર કરું દરબાર—બાદશાહ

* * * * *

જાણીતી નાચનારી એ તો ખરી,
મોડએલન નામથી ઓળખાય.
વઝીર મારા જાતે જઇને
કહોકે હાઝીર થાય—બાદશાહ૦

( ૯ )

નર હઝારો—શુર સરદારો—તેબી હારયા બઇરીથી-
ગરીબ હો યા હો જરદારો—તેબી હારયા બઇરીથી-
કોરટ કજીયા જીતનારાઓ—તેબી હારયા બઇરીથી!
બ્હારના મોટા ઓધેદારો—ઘેરમાં હારયા બઇરીથી!
બાંગો પાડનાર બલદીઓ—ચુપ થયા હાય બઇરીથી!
મુંછો વાલા મરદ્યાજીઓ—તેબી હારયા બઇરીથી!

વીશ્વામીત્ર— ( ૧૦ )

દુર કર તારી સુરત મારી સાંમેથી મંચા
પ્રેમ ભરી એક પુતલીનું દીલ તેં તોરી નાંખ્યું ઓ મુજી બચ્ચા—દુર
ન કીધી માયા ને મોહબત
ન રાખી તેં જરા મુરવત
દુર કર મુખ કયસર સયતાન
લાજ કેમ નહીં આવી.

દરબારીઓ— ( ૧૧ )

ઓ નામી! ઓ કામી! છઇએ હમે ગમખાર
તું ગયાથી ગુજરી જાય છે કંઇ કયના રોજગાર
ફુટયાં બહુ–લુટયાં–સહુ ધોલે દીન ઘરબાર—
તોયે નહીં તુજ રાજમાં કોઇ દંડાયા દરબાર—
કાપીયાં કંઇ કયના ગજવાં ધરી તુજપર આધાર—
સહુ હવે તો જલ્દી થઇશું હાય! એકઠા એકાર—

વીશ્વામીત્ર— ( ૧૨ )

અરે માનવ-અરે દાનવ-પકડ તું સ્વાન, ન થા હયરાન,
અરે મહારાજ—ન કર તારાજ- તારૂં રાજ જરા તો માન
કોણુનું બચ્ચું-કોણનું કચ્ચું-બઇરાં કોણુના બાપનો માલ,
મોઢું ખોલી-જુઠું બોલી-ઉડાવ દીકરા વાવટો લાલ—કોરસ.
અરે નાદાન—ન ખો ઇમાન-ધર તુ ધ્યાન-રૂસીનું માન
સમજ અજ્ઞાન-ખોલીને કાન-બની મહેરબાન-આપી દે દાન—કોરસ.

જીજુ— ( ૧૩ )

હાય! માય, કેમ કરૂં હું હૈયે રાખું કેમ ધીર!
બેઠા બેઠા એવણુ પગો દબાવે—
પગે રખે હોય ફીર!
મમા, મમા મને લાગીચ હવે ભુખ
ખવરાવો પોરી ને ખીર!—૦

પરીન ને મંચુ— ( ૧૪ )

વ્હાલા ઓ મંચી-જાવુંચ હવે હું ત્હારી રજા લઇને-
પ્યારી પરીચ્હેર સુખે સિધાર પણ દિલાસો દઇને-૦
દિલાસામાં તો એમજ કહું કે પીચતો ના દારૂ-
ઘેરમાં ખુણે ખુણે ઉભો રહી કહરાવજે ઝારૂ!-૦
દારૂનું હરગીઝ નામ લઇશ નહીં આંસુઓના સમ-
તું ગયા બાદ ભુલાવવા ગમ પીવસ થોડો રમ-૦
છીબા દરજીનું બીલ ચુકવજે વેચી ના ખાતો કાંઈ-
સારી ને બ્લાઉઝની સંભાલ લેજે-ભુલમાં પડે ન ઉધાઈ-૦

જીજુ— ( ૧૫ )

અરે નહીં મુંજને છોડી જાવો—
બે દોહોરચાંની તો ઢીંગલા અપાવો--૦
થોડેજ પૈસે, પપ્પા, કાંય તમે વેચાયા--
રંગીલી દરજનનું ગીત ગાવો—૦

---

વીશ્વામીત્ર—                (૧૬)

આય પારસી દિવાનો—મંચુ કાવાશણો—
છે અકકલે કાણો—નેક નર—
ઉછળતી જવાની—ને સાથે ગુમાની—
નાદાની-બેધ્યાની—એક ખર!
આપી ખુદની નારી—તજી ફરઝંદારો—
ને વેચાય છે—ખાંધ્યાને ઘર—
એવા પારસી કહેવાતા-તુંજથી સારા ઘાટા—
પણ છે તું તો—બિલકુલ ખચ્ચર—

(કોરસ)

લેવ જોવ! ટોપલો નાંખ્યો માંથા પર,
શાબાશ! શાબાશ! એઈ નેક નર—
પારસીપણાથી તુંજ કીધી તોબાહ!
સુફયાણો હારો છે સચ્ચાઇનો રાહ!
લેવ જોવ! ટોપલો નાંખ્યો માથાં પર!
એઈ લેફટનંટ મંચુ સબર—
એકદમ હારો ફોટો પડાવ ઢીલ વગર—
એઈ ખાનદાની ખચ્ચર!

જીજુ—                (૧૭)

લગનના લીલાંઉમાં હોય કોઇ પોરી ઉમેદવાર
તો સઉ સાંભલો સેવકનો છે પનવાનો વિચાર
રાસ દોરડાં કે રંગ રૂપની નહી ભાંજગડ કંઇ લગાર
જો લાવે રીતમાં પોરી રૂપીઆ રોકડ લાખ દશ બાર.

(કોરસ)

લુલી લંગડી યા મુંગી બેહરી કાણી ઠુંઠી હોય નાર
ઢીંગણી ઠબ્બુસ ભલે હો લંબુસ નથી તેની કાંઇ દરકાર
પોરી હોય કાલી ગોરી—ચાહે તેવો અવતાર
જાડી પાતલી ખુંધી ચેંગી પેંગી-છે બંદો તૈયાર

સાસુજી હોય બાચકાં ભરતી સલગે જેમ અંગાર
સસરાજીબી થયા હોય જો પચીસ વાર નાદાર
સાલોબી હોય જેલનો મેમ્બર! જટ! કોણુને કનવાર
બસ અહિંતો નીતમાં જોઇએજ રૂપીઆ રોકડા લાખ દશ બાર—કોરસ.

મંચુ— ( ૧૮ )

અરે પથર જેવું બેડું મેં તો ખોટું દીધું રે:—અરે
સપ્પો બન્યો, સપ્પો બન્યો—સપ્પો બન્યો રે:—અરે
વહેમી વીશ્વામીત્રીએ પાત્યાં ગોઠવ્યાં.
વર બૈયરનાં સુખની વચ્ચે આંટી મુકી રે:—અરે

મંચુ— ( ૧૯ )

કેહ રહા હય આસમાન—રાહ.

આસમાન પોકાર કરે ઓ મંચા આય શું તારા હાલ
નોકર તું કીમેટોરીયમમાં દીન ધરમનો કર કંઇ ખ્યાલ
રાત ગ્લારો મહેલ તારાપર કરકનો વાવટો
ત્યાં ઉંડ નહી ધાત્યું આજ, અબ વહા કુચબા નહી
જ્યાં હતાં લેડીઝ જીમખાના ને ગવરનરનો મહેલ
ચોઈ દરજીની છે દુકાનો અબ વહાં કુચબા નહી
કાજ કરનારીઓ બધી તુને વરીને વેરતી
રંડાયલાઓ દુર નાસે છે અબ વહાં કુચબા નહી
જ્યાં હતી મોનજીની દુકાન—તાજમાં શેમપેન ડીનર
વેચાય છે ત્યાં જમણાં વરભ—અબ વહાં કુચબા નહી
નાટક તખતાઓ ધુજાવતા બાલીવાલાને ખટાઉ
એમેચ્યુઅરો અકરો મરે છે અબ વહાં કુચબા નહી.


પરીન— ( ૨૦ )

હાય! ઓ જીજુ! ઓ જીજુ! ઓ જીજુ!
થયું શું? રડું હું શું કરું! બોલ ખરું!—૦
આફત ને સીતમનો છે આ પોકાર
કેરાંની ઝાલે તો મારયા બસ ઠાર
આવ્યો નહીં કાલે તો કોઇને વિચાર—
કે આજે હતો મરનાર—૦

# ઇગલ શુ કું૦,

વહાડીયાજીના આતશબેહેરામ સામે,

ધોબીતળાવ.



ખાસ જરથોસ્તી બાનુઓને બરના લગનના વાગા માટે–ઉંચી તથા બેઠી હીલના કોર્ટ તથા સૅન્ડલ અને ફેનસી–શુઝ–નો નવો લૉટ આયો છે! તેમજ છોકરાઓની–નવજોત–માટે–બુટ–શુઝ અને સેન્ડલસ, જેન્ટસના ઉત્તમ કોલીટીના–બુટ–શુઝ–અને ભુલકાંઓના માગો તેવા શુઝ ઘણાજ કીફાયત ભાવે મલશે!

# ઇગલ શુ કું૦.

---

આ ચોપડી મી૦ ધનજીભાઈ દોસાભાઇ નારીયેળવાળાએ ધી કમરશીયલ પ્રીન્ટીંગ પ્રેસ,
૧૧, કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ મધે છાપી છે, તથા
ડૉકટર જેહાંગીર વાડયા (એલ. એમ. એન્ડ એસ.) એ સર જે. જે.
હોસ્પીટલ, મુંબઇ મધેથી પ્રગટ કીધી છે.